દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬

# અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટેરિફના મામલે વિરુદ્ધનો ચુકાદો આપીને ટ્રમ્પને 'તમાચો' માર્યો છે

પોતાના ટેરિફના નિર્ણયથી આખા વિશ્વમાં ભારે વમળો ઉભા કરનારા ડોનાલ્ડ ટ્રમ્પને આખરે તેના જ દેશની સુપ્રીમ કોર્ટે મોટી લપડાક મારી છે. શુક્રવારે યુએસ સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને રદ કર્યો. કોર્ટે અન્ય દેશો પર લાદવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા. ભારત પર લાદવામાં આવેલા 18% રેસિપ્રોકલ ટેરિફને પણ ગેરકાયદેસર જાહેર કર્યો છે. સુપ્રીમ કોર્ટે 6-3 બહુમતીના ચુકાદામાં જણાવ્યું હતું કે બંધારણ હેઠળ, રાષ્ટ્રપતિને નહીં, પરંતુ ફક્ત ત્યાંની સંસદ (કોંગ્રેસ)ને જ ટેક્સ અને ટેરિફ લાદવાનો અધિકાર છે. ટ્રમ્પે ટેરિફ સુનાવણી દરમિયાન કહ્યું હતું કે જો તેઓ કેસ હારી જાય, તો દેશ બરબાદ થઈ જશે. જોકે, અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની રજૂઆતને સાંભળી નથી. વિશ્વના વિવિધ દેશો પર ટેરિફ લાદવા માટે ટ્રમ્પે 49 વર્ષ જૂના કાયદાનો ઉપયોગ કર્યો હતો. આ કાયદો સને 1977માં અમેરિકામાં ઘડવામાં આવ્યો હતો. જેને ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) તરીકે ઓળખાવવામાં આવ્યો હતો. હકીકતમાં આ એક્ટનો હેતુ દેશ માટે ગંભીર ખતરો, જેમ કે યુદ્ધ જેવી પરિસ્થિતિ, વિદેશી દુશ્મન તરફથી મોટો આર્થિક ખતરો, અથવા અસાધારણ આંતરરાષ્ટ્રીય કટોકટીની સ્થિતિમાં રાષ્ટ્રપતિને ચોક્કસ સત્તાઓ આપવાનો હતો. આ સત્તાઓ હેઠળ, રાષ્ટ્રપતિ વિદેશી વ્યવહારો પર ચોક્કસ આર્થિક નિર્ણયો પર પ્રતિબંધ, નિયમન અથવા તાત્કાલિક અમલ કરી શકે છે. જોકે, જે હેતુ માટે આ કાયદો ઘડવામાં આવ્યો હતો તે હેતુને બદલે ટ્રમ્પે વિશ્વના વિવિધ દેશોને ડરાવવા અને પોતાની વાતો માને તે માટે ઉપયોગ કર્યો હતો. ટ્રમ્પે વેપાર ખાધને કટોકટી ગણાવીને ટેરિફ લગાડ્યા હતા. ટ્રમ્પે લગાડેલા ટેરિફની સામે એરિઝોના, કોલોરાડો, કનેક્ટિકટ, ડેલવેર, ઇલિનોઇસ, મેઇન, મિનેસોટા, નેવાડા, ન્યૂ મેક્સિકો, ન્યૂ યોર્ક, ઓરેગોન અને વર્મોન્ટ રાજ્યોએ દાવાઓ દાખલ કર્યા હતા. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, ટ્રમ્પે તેમની સરહદોની બહારથી આયાત કરાયેલા માલ પર નવા ટેરિફ લાદ્યા છે. ટ્રમ્પની આ ટેરિફ નીતિ સામે ગયા વર્ષે નવેમ્બરમાં, સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રના ટેરિફ માટેના કાનૂની આધાર પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. ન્યાયાધીશોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું રાષ્ટ્રપતિ પાસે આવા ગ્લોબલ ટેરિફ લાદવાનો અધિકાર છે. ટ્રમ્પ સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે જો ટેરિફ હટાવવા પડે તો અબજો ડોલરની વસૂલી પાછી કરવી પડી શકે છે. આનાથી અમેરિકી તિજોરીને મોટો ફટકો લાગશે. કોર્ટે આ મામલે લાંબી સુનાવણી હાથ ધરી હતી. જેમાં નીચલી કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ટ્રમ્પ 150 દિવસ માટે 15% ટેરિફ લાદી શકે છે, પરંતુ તે માટે તેણે ફરજિયાત કારણ આપવું જરૂરી છે. અમેરિકામાં જે કાયદા હેઠળ ટ્રમ્પે ટેરિફ લગાડ્યા હતા તે કાયદામાં ક્યાંય ટેરિફ શબ્દનો ઉલ્લેખ નથી અને તે રાષ્ટ્રપતિની સત્તાઓ પર કોઈ સ્પષ્ટ મર્યાદા નક્કી કરતું નથી. ટ્રમ્પ સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે જો ટેરિફ હટાવવા પડે તો અબજો ડોલરની વસૂલી પાછી કરવી પડી શકે છે. આનાથી અમેરિકી તિજોરીને મોટો ફટકો લાગશે. નીચલી અદાલતોએ ટેરિફને ગેરકાનૂની ઠેરવ્યા હતા અને કહ્યું હતું કે, અમેરિકાના આ કાયદો ટેરિફ લગાવવાની આટલી વ્યાપક શક્તિ આપતું નથી. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને પગલે હવે ટ્રમ્પના ટેરિફ હટાવવામાં આવશે. યુએસએ કંપનીઓને પૈસા પાછા આપવા પડી શકે છે. યુએસને માલ વેચવામાં વિશ્વભરના દેશોને રાહત મળશે. ભારત, ચીન અને યુરોપના નિકાસકારોને ફાયદો થશે. ઘણી વસ્તુઓ સસ્તી થઈ શકે છે. શેરબજારોમાં તેજી આવી શકે છે. વિશ્વ વેપાર વધુ સ્થિર બની શકે છે. અમેરિકાની સુપ્રીમ કોર્ટના આદેશને પગલે હવે ભારતને ટેરિફમાંથી મોટી રાહત મળશે. અમેરિકાની સુપ્રીમ કોર્ટના ચુકાદાએ ટ્રમ્પને તઘલખી સાબિત કરી દીધા છે. ટ્રમ્પે અમેરિકાના 49 વર્ષ જુના કાયદાને જે રીતે તોડી મરોડીને પોતાનું ધાર્યું કરવા માટે ઉપયોગ કર્યો તે નિર્ણય હવે તેમના માટે બુમરેંગ થયો છે. વિશ્વના દેશો ટેરિફના આતંકમાંથી મુક્ત થયા છે અને ટ્રમ્પ માટે મોટી સમસ્યા ઊભી કરી છે. જો ટ્રમ્પ હવે સમજીને શાસન નહીં કરે તો તેને હવેનો પથ મુશ્કેલીભર્યો રહેશે તે નક્કી છે.

# ગુજરાત હોય કે બિહાર, દારૂબંધી મજાક બની ગઈ છે

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

ગુજરાત સહિત કેટલાંક રાજ્યોમાં સંપૂર્ણ અને કેટલાંકમાં આંશિક દારૂબંધી છે પણ એ સફળ રહી નથી. એનાથી ભ્રષ્ટાચાર વધ્યો જ છે અને બીજી બાજુ, સરકારને આર્થિક ફટકો પણ પડે છે. દારૂબંધી હોવા છતાં દારૂ આસાનીથી મળે છે અને બિહારમાં તો હવે એનડીએના સાથી પક્ષોએ દારૂબંધી ઉઠાવી લેવા માગણી કરી છે. ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પણ આવો જ મત ધરાવે છે. સરકારી તંત્રની નિષ્ફળતા અને ભ્રષ્ટાચારના કારણે સારો હેતુ માર્યો ગયો છે.

બિહારમાં હિન્દુસ્તાની અવામ મોરચાના સ્થાપક અને કેન્દ્રીય મંત્રી જીતેનરામ માંઝીએ દારૂબંધી કાયદાની સમીક્ષા કરવાની જોરદાર માંગ કરી છે. તેમણે દાવો કર્યો હતો કે દારૂબંધીને કારણે બિહાર સરકારને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે અને ગરીબ લોકો (ખાસ કરીને વંચિત વર્ગનાં લોકો) આ કાયદાનો ભોગ બની રહ્યાં છે. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, બિહારમાં દારૂબંધી નથી, પણ દારૂની હોમ ડિલિવરી થઈ રહી છે. ઝેરી દારૂના કારણે ગરીબ લોકો જીવ ગુમાવી રહ્યા હોવાનો પણ તેમણે આરોપ લગાવ્યો હતો. ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી રાષ્ટ્રીય લોક મોરચાએ પણ આ કાયદાની સમીક્ષા કરવાની માંગ કરી છે. તેમના ધારાસભ્ય માધવ આનંદે ગૃહમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. જો કે, નીતીશકુમારની પાર્ટીએ આ માંગણીઓને હાસ્યાસ્પદ ગણાવી છે. પાર્ટીના પ્રવક્તા નીરજકુમારે કહ્યું કે આ કાયદો તમામ પક્ષોની સર્વસંમતિથી પસાર થયો હતો અને બધાએ શપથ લીધા હતા, તો હવે સમીક્ષાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે?

પણ વાત અહીં પૂરી થતી નથી. બિહારમાં દારૂબંધીના કાયદાને લગભગ એક દાયકો થઈ ગયો છે, પરંતુ હવે તેના અમલીકરણ અને તેનાથી થતા આર્થિક નુકસાનને લઈને ભાજપના સાથી પક્ષો દ્વારા જ વિરોધના સૂર ઊઠતાં રાજકારણ ગરમાયું છે. બિહારમાં દારૂબંધીને કારણે રાજ્ય સરકારને વાર્ષિક અંદાજે રૂ ૪,૦૦૦થી ૫,૦૦૦ કરોડ ની આવકનું નુકસાન થઈ રહ્યું છે. ઉપરાંત દારૂબંધીના કાયદા હેઠળ નોંધાયેલા ૮ લાખથી વધુ કેસોમાં અંદાજે ૩.૫ થી ૪ લાખ જેટલા કેસો ગરીબ અને વંચિત વર્ગનાં લોકો સામે છે, જેના કારણે તેમને આર્થિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એનડીએના સાથી પક્ષોનો આરોપ છે કે રાજ્યમાં દારૂબંધી છતાં દારૂની 'હોમ ડિલિવરી' થઈ રહી છે અને મોટી તસ્કરી કરનારાઓ પૈસા આપીને છૂટી જાય છે, જ્યારે ગરીબ લોકોની ધરપકડ થાય છે.ગુજરાતમાં વિધાનસભામાં આ મુદ્દો ઊઠ્યો છે. વિપક્ષી નેતા અમિત ચાવડાએ કહ્યું કે, કોઈ ધારાસભ્ય એવો દાવો કરી શકે એમ નથી કે, એમના ક્ષેત્રમાં દારૂ વેચાતો નથી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, તંત્ર બરાબર કામ કરે છે પણ સવાલ એ છે કે આટલો બધો દારૂ કેમ પકડાય છે? ગુજરાતમાં દર વર્ષે કરોડો રૂપિયાનો દારૂ જપ્ત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં અંદાજે રૂ. ૩૦૦ કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂ અને દેશી દારૂ પકડાયો છે. ૨૦૨૪ માં ગુજરાત પોલીસે કુલ ૮૨ લાખ બોટલો પકડી હતી, જેની કિંમત રૂ.૧૪૪ કરોડ આંકવામાં આવી હતી. આ આંકડા મુજબ તો રાજ્યમાં દર ૪ સેકન્ડે ૧ બોટલ પકડાઈ હતી.

હાલમાં ભારતનાં મુખ્ય ૪ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં સંપૂર્ણ દારૂબંધી અમલમાં છે. એમાં ગુજરાત ઉપરાંત બિહાર, નાગાલેંડ, મિઝોરમ, લક્ષદ્વીપનો સમાવેશ થાય છે. તો કેટલાંક રાજ્યોમાં અંશતઃ પ્રતિબંધ છે પણ બધે દારૂબંધી મજાક બની ગઈ છે. ભ્રષ્ટાચારનું માધ્યમ બની ગઈ છે.

**સોનમ વાંગચુક : રાઈનો પર્વત**

સોનમ વાંગચુક શા માટે જેલમાં છે એ પ્રશ્ન વ્યાપકપણે પૂછાવો જોઈએ પણ પુછાતો નથી એ દેશની કમનસીબી છે. અત્યારે એ જોધપુર જેલમાં છે અને કેસ સુપ્રીમ કોર્ટમાં ચાલે છે. સુનાવણી વેળા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ફટકાર લગાવતાં કહ્યું હતું કે સરકાર વાંગચુકનાં નિવેદનોનો ખોટો અર્થ કાઢી રહી છે અને આ બાબતે રાઈનો પર્વત બનાવી રહી છે.

કોર્ટે અવલોકન કર્યું કે વાંગચુક હિંસાની ધમકી નથી આપી રહ્યા, પરંતુ અહિંસક પદ્ધતિઓથી લોકોનું ધ્યાન હટી રહ્યું છે તે બાબતે માત્ર પોતાની ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સરકારે રજૂ કરેલો અનુવાદ ૭ થી ૮ મિનિટનો છે, જ્યારે મૂળ ભાષણ માત્ર ૩ મિનિટનું છે. એટલે કોર્ટે સચોટ ટ્રાન્સક્રિપ્ટ રજૂ કરવા આદેશ આપ્યો છે અને જે માગણી સાથે વાન્ગ્ચુકે આંદોલન કર્યું હતું એ માગણીનો ઉલ્લેખ ભાજપે એના ચૂંટણી ઢંઢેરામાં કર્યો હતો. હવે ભાજપે એનું સ્ટેન્ડ બદલી નાખ્યું છે. લદાખના નેતાઓ સાથે દિલ્હીમાં બેઠક થઈ એમાં પણ શીડ્યુલ ૬ નીચે લડાખને સ્વાયત્તતા આપવાની વાતથી મોં ફેરવી લીધું છે.


બીજી બાજુ, સમાજ માટે અવનવાં સંશોધનો કરનારા સોનમ વાંગચુક સપ્ટેમ્બર ૨૦૨૫થી જોધપુર જેલમાં બંધ છે. સરકારનો પક્ષ છે કે, તેમણે નેપાળ અને બાંગ્લા દેશ જેવી હિંસક ક્રાંતિનાં ઉદાહરણો આપીને લોકોને ઉશ્કેર્યાં હતાં. તેમની અટકાયત બાદ લદ્દાખમાં હિંસા અટકી ગઈ છે. જો કે, વાંગચુકનાં પત્ની ગીતાંજલિએ આ અટકાયતને ગેરબંધારણીય ગણાવી છે. વાંગચુકની તબિયત પણ ખરાબ છે છતાં સરકાર એને મુક્તિ આપવા તૈયાર નથી. ખબર નહિ વાંગચુક ક્યારે જેલમુક્ત થશે?

**મિઝોરમમાં મુખ્યમંત્રી લાલદુહોમા સામે આરોપ**

મિઝોરમમાં ઝોરામ પીપલ્સ મુવમેન્ટની સરકાર છે અને મુખ્યમંત્રી છે લાલદુહોમાં. તેમની સરકાર સામે ભ્રષ્ટાચારના કેટલાક ગંભીર આક્ષેપો અને તપાસ ચાલી રહી છે. વિપક્ષી પાર્ટી મિઝો નેશનલ ફ્રન્ટ દ્વારા આક્ષેપ મુકાયો છે કે, લેંગપુઈ એરપોર્ટ નજીક વાયુસેના માટે જમીન સંપાદન કરવામાં રૂ. ૧૮૭.૯૦ કરોડની ગેરરીતિ થઈ છે. વિપક્ષનો આરોપ છે કે સરકારે ખાનગી મધ્યસ્થીઓ દ્વારા ખૂબ જ ઊંચા ભાવે જમીન ખરીદી છે, જે કાયદાનું ઉલ્લંઘન છે. કોંગ્રેસે પણ આક્ષેપ કર્યો છે કે જમીન સંપાદનના વળતરના નામે કરોડો રૂપિયા સત્તામાં બેઠેલાં લોકો અને વચેટિયાઓ વચ્ચે વહેંચવામાં આવ્યા છે. મુખ્યમંત્રી લાલદુહોમાએ આ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે અને કોઈ પણ પ્રકારના ભ્રષ્ટાચારમાં સંડોવણી હોવાનો ઇનકાર કર્યો છે. લોકાયુક્તમાં કેસ તો ચાલે છે પણ હજુ ચુકાદો આવ્યો નથી. સરકાર કહે છે કે, અમારી સરકાર ભ્રષ્ટાચારમુક્ત છે પણ આક્ષેપોમાં દમ છે. ચુકાદો ના આવે ત્યાં સુધી કોઈ કરી શકે એમ નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## નફરત નહીં પ્રેમ કર



એક સૂફી સાધ્વી ધર્મગ્રંથનું વાચન કરી રહ્યાં હતાં અને શિષ્યો અને અન્ય સંતો મન દઈને તેને સાંભળી રહ્યાં હતાં. સૂફી સાધ્વીના મુખમાંથી જે વાણી નીકળતી હતી તે હૈયાના ખરલમાંથી ઘૂંટાઈને આવતી હતી. સાધ્વીજી ઘોડી પર ગ્રંથ ગોઠવીને વાંચી રહ્યા હતા. ધર્મગ્રંથનું વાચન કરતાં કરતાં એમાં શેતાનની વાત આવી અને ત્યાં સાધ્વીજી અચાનક થંભી ગયાં. એક વૃદ્ધ સંત બોલ્યા, ''બહેન, આગળ વધ, અટકી કેમ ગઈ?''સાધ્વીએ બધાં ચોંકી જાય એવો જવાબ આપ્યો કે, ''મારે આ ધર્મગ્રંથમાંથી આ વાક્ય છેકી નાખવું છે. આ વાક્ય હું નહીં વાંચું.''

વયોવૃદ્ધ સંત બોલ્યા, ''બહેન, ધર્મગ્રંથ પ્રભુની વાણી છે, તેમાં આપણે વધારો ઘટાડો ન કરી શકીએ.''સાધ્વીએ મક્કમ અવાજે કહ્યું, ''પણ હું આ વાક્ય નહીં જ વાંચું.''વૃદ્ધ સંતે પોતે વાક્ય વાંચ્યું અને વાક્ય હતું ''શેતાનને નફરત કર.''સંત બોલ્યા, ''બહેન, આ વાક્યમાં શું ખોટું છે. શેતાન જ માનવીને પાપ કરવા લલચાવે છે અને શેતાન જ માનવીને પ્રભુથી વિમુક્ત કરે છે એટલે તેને નફરત કરવી જ જોઈએ. શેતાનને કારણે જ આપણે પ્રભુની નજીક જઈ શકતાં નથી અને પ્રભુની ભક્તિ કરી શકતાં નથી.''

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

સાધ્વીજી બોલ્યાં, ''પરંતુ શેતાનને પણ નફરત કરવાને બદલે આપણે પ્રેમ કરીએ તો....''સંત મોટા અવાજે બોલ્યા, ''ના ના... ધર્મગ્રંથની વાતની વિરુદ્ધ ન જઈ શકાય. શેતાનને ચાહવાની વાત સ્વપ્નમાં પણ વિચારી ન શકાય. નહીં તો પાપમાં વધારો થશે અને પાપના ભાગીદાર બનાશે.''

સાધ્વી નમ્રતાથી બોલ્યાં, ''ભાઈ, પ્રભુ પ્રેમનો સંદેશ આપે છે. તેમનો જ આદેશ છે કે હું બધાને પ્રેમ કરું છું અને તમે પણ બધાને પ્રેમ કરો. જે બીજાને ધિક્કારે છે તે મારી પણ અવગણના કરે છે. જો પરવરદિગાર પ્રત્યે આપણું મન સરોવરપ્રેમથી છલોછલ હોય તો આપણે કોઈને પણ નફરત કરવાની જરૂર જ રહેતી નથી. જો આપણે શેતાનને ચાહવા લાગીશું તો તે તેની શેતાનિયત ભૂલી જશે અને શેતાનનું અસ્તિત્વ જ રહેશે નહીં.''

સાધવીની આ પરમ પ્રેમસભર શીખનો અંતે બધાએ સ્વીકાર કર્યો. કોઈને પણ ધુત્કારો નહીં. ભૂલ અને અપરાધને ભૂલી જઈને પ્રેમ આપો. તેનો મનથી સ્વીકાર કરો તો તે પોતાની ખરાબ આદતો છોડી, નફરત છોડી દેશે.નફરત નહીં પ્રેમ કરો. પ્રેમ આપો તો પ્રેમ મળશે.

# AI નો દુનિયા પર સારો-નરસો પ્રભાવ!

વિનોદ પટેલ

વાત આમ તો 30 વર્ષ પુરાણી છે, જેના મજબૂત આધારો અને પ્રમાણો હાલમાં જ પ્રાપ્ત થયા છે. 30 વર્ષો પહેલાં 'ન્યૂયોર્ક ટાઈમ્સ' અને 'લંડન ટાઈમ્સ'માં એક અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. જેણે વિશ્વને અચંબામાં મૂકી દીધું! અમેરિકન વૈજ્ઞાનિક 'ડૉ. ટેરેસા' એ આ સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા.

સમાચારમાં પ્રસિદ્ધ અહેવાલ મુજબ, રશિયાના સાઈબેરિયા પ્રદેશની ધરતીના પેટાળમાં એક રહસ્યમયી, વિશાળ ગુપ્ત પ્રયોગશાળા આવેલી છે. આ પ્રોયગશાળામાં રશિયન વૈજ્ઞાનિકોએ મૃત્યુ પામેલા ત્રણ મહાન વૈજ્ઞાનિકોનાં માથાં, શરીરથી અલગ કરી, કાચના મોટા ઈલેક્ટ્રોનિક પાત્રોમાં જીવિત અવસ્થામાં સાચવી રાખ્યા હતા! તેનું વિગતે વર્ણન હતું. એમના મગજ મૃત્યુ ન પામે એનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ધડ વગરનાં આ માથાં કોઈ પણ જીવતા મનુષ્યની જેમ વિચારી શકે છે, સમજી શકે છે અને પ્રશ્નોના ઉત્તરો પણ આપી શકે છે! એમને જીવતાં રાખવા માટે અત્યંત શક્તિશાળી ઊર્જાવાળાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે જોડયાં છે. આ ઉપકરણો મગજને જરૂરી લોહી, ઓક્સિજન અને પોષક તત્ત્વો પૂરાં પાડે છે. શરૂઆતના તબક્કામાં ત્રણ વૈજ્ઞાનિકોનાં માથાં સાચવીને આ પ્રયોગો શરૂ કર્યા હતા. આજે આવાં ડઝન માથાંઓ આ પ્રયોગશાળામાં કેટલાંક ન માની શકાય તેવા ચમત્કારિક પ્રયોગો ચાલી રહ્યા છે! મજાની વાત એ છે કે આ માથાં હાલમાં રઈયાનો અમૂલ્ય ખજાનો બની ગયાં છે. કારણ કે એ વર્તમાન વૈજ્ઞાનિકોને ખાસ માર્ગદર્શન પૂરું પાડે છે. સંશોધનમાં કોઈ મોટી સમસ્યા ઊભી થાય અને તેનો ઉકેલ ન જડે તો તેનો ઉકેલ ધડ વગરના વૈજ્ઞાનિકોનાં માથાં આપે છે! તેઓ સાધારણ મનુષ્યની જેમ હસે છે, રડે છે. આશ્ચર્ય અને ક્રોધ પણ વ્યક્ત કરે છે! કોઈક વાર કહે છે કે ફક્ત અમારાં માથાં શા માટે, અમારા આખા શરીરને હાલતું-ચાલતું કેમ ન રાખ્યું?!

આ ગુપ્ત, રહસ્યમય પ્રયોગશાળાઓ આંખે દેખ્યો અહેવાલ ત્યાંથી ભાગી છૂટેલા અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. ટેરેસ' એ આપ્યો હતો જેનો ગુજરાતીમાં અનુવાદ જે તે સમયના નવનીત સમર્પણમાં પ્રસિદ્ધ થયો હતો.

ડૉ. ટેરેસેનું કહેવું હતું કે ઘણાં અમેરિકન વૈજ્ઞાનિકો પણ આ ટેકનિક જાણે છે પરંતુ ખ્રિસ્તી ધર્મ પાળનારા સમાજનું પ્રતિનિધિત્વ વધુ હોવાથી તેઓ મનુષ્ય પર આવા પ્રયોગો હાથ ધરી શકતા નથી. કેમ કે બાઈબલમાં આ પ્રકારના પ્રયોગોની મનાઈ ફરમાવવામાં આવી છે. જો કે ત્યાં ચિમ્પાન્ઝીનાં માથાને આવી રીતે જીવતાં રખાયાં છે.

ડૉ. ટેરેસાના કહેવા મુજબ હવે તેનું સ્થાન આર્ટીફિશ્યલ ઈન્ટીલિજન્સ AI લઇ શકે છે. રશિયાના વૈજ્ઞાનિકો મનુષ્યના મૃત્યુ બાદ તેના આખા શરીરને સજીવ રાખવાની દિશામાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે. એક દિવસ એવી જાહેરાત થશે કે અમે મૃત્યુ પર વિજય મેળવી લીધો છે!

'અમે તો અમૃત પીધાં, માણી-માણી' માણસને અમર બનાવવાની દિશામાં વિજ્ઞાનનો આ મોટામાં મોટો ચમત્કાર હશે અને મનુષ્યની આસ્તિકતા પરનો કુઠારાઘાત પણ હશે!

એનો અર્થ એ થયો કે જો માણસનું મગજ જીવતું રાખી શકાય તો શરીરનાં બીજાં અંગોની ક્રિયાશીલતા અને મહત્ત્વ ગૌણ બની જાય છે. આ અંગો હવે કૃત્રિમ રીતે, AI ની મદદથી બનાવી શકાશે. એવો દાવો આધુનિક વૈજ્ઞાનિકો કરી રહ્યાં છે. 30 વર્ષ પૂર્વેની આ ઘટના આજે કેમ યાદ આવી એવો પ્રશ્ન સહજ રીતે સુજ્ઞ વાચક મિત્રોને થશે. વાત એમ બની કે આ ઘટનાને મજબૂર ટેકો અને સમર્થન ડૉ. હરારી આપી રહ્યા છે. યુવા નોવલ હરારી, ઇઝરાઇલના પ્રોફેસર છે. તેમણે સૌને આશ્ચર્ય થાય એવી ત્રણ સંકલ્પનાઓ રજૂ કરી છે:

1. અમરત્વ પ્રાપ્ત કરી શકાય છે!

2. જ્યારે ઇચ્છીએ ત્યારે સુખ મેળવી શકાય છે!

3. ઈશ્વર બની શકાય છે!

આ ત્રણ સંકલ્પનાઓ રજૂ કરીને હરારી આપણને પૂછે છે: તમે ઈશ્વર બનવા તૈયાર છો? અને પછી અમરત્વ કેવી રીતે પ્રાપ્ત કરવું તેની ફિલોસોફી અત્યંત વૈજ્ઞાનિક ઢબે સમજાવે છે. તેમનો આ તર્ક એટલો સરળ છે કે સામાન્ય માણસ રોમાંચિત થઈ ઊઠે!

ડૉ. હરારી કહે છે કે: 'Death is just a technical problem'. બીજા શબ્દોમાં કહીએ તો મૃત્યુ ત્યારે જ આવે જ્યારે આ શરીરરૂપી મશીનમાં ખામી આવે. કોઇ અંગ કામ કરતાં સંપૂર્ણ બંધ થઈ જાય. એટલે કાં તો હૃદય બંધ પડી જાય અથવા કીડની, ફેફસાં, લિવર કામ કરતાં બંધ થઈ જાય કે કેન્સર ફેલાઈ જાય અને માણસ મૃત્યુ પામે. આપણે જાણીએ છીએ કે દરેક ટેકનિકલ પ્રોબ્લેમનું કોઇ ને કોઇ સોલ્યુશન હોય જ છે. ડૉ. હરારી કહે છે, ' એ સમય ગયો જ્યારે આપણે પ્લેગ વખતે ભગવાનને પ્રાર્થના કરતાં અને તેની કૃપા દૃષ્ટિ થાય તો આપણે બચી જઈએ. અને ન થાય તો? 'રામ ભાઈ રામ!

ટૂંકમાં તે સમયે ખૂબ જ સીમિત એવી તકલાદી વ્યવસ્થા હતી જેમાં નિશ્ચિત, નક્કર, ઠોસ કશું જ નહોતું. એની સામે આજે આપણે બાયપાસ સર્જરી દ્વારા હૃદયને ફરી ધબકતું કરી શકીએ અથવા નવું જ હૃદય બેસાડી શકીએ. આવું શરીરના પ્રત્યેક અંગનું પ્રત્યારોપણ થઇ શકે! કિમોથેરાપી અને નેનો-રોબોટ્સ દ્વારા કેન્સરના કણોને મારી શકીએ છીએ. અલબત્ત, આજે આપણી પાસે શરીરની બધી જ ટેકનિકલ સમસ્યાઓ માટે સોલ્યુશન નથી પણ એટલા માટે જ આપણે જીનેટિક્સ અને નેનો ટેકનોલોજી જેવાં ક્ષેત્રોમાં ખૂબ જ નાવીન્યસભર સંશોધનો કરી રહ્યાં છીએ. ભૂતકાળમાં રોગથી થતા મૃત્યુને આપણે 'હરિ કરે તે સાચું' એમ માનીને સ્વીકારી લેતાં. પણ આજે આપણે જે તે રોગના મૂળ સુધી પહોંચી શકયા છીએ.

જ્યારે કોરોના જેવી કોઇ કુદરતી મહામારી આવે અથવા અકસ્માતમાં લોકો મૃત્યુ પામે ત્યારે આપણે એમ જ કહીએ છીએ કે, 'સરકારે બરાબર ધ્યાન રાખ્યું હોત અથવા યોગ્ય નીતિઓ આયોજનો કર્યાં હોત તો આ જાનહાનિ ટાળી શકાઈ હોત.' એનો અર્થ એવો થયો કે મૃત્યુ ટાળી શકાય એવી બાબત છે.

વર્ષ 2013માં ગૂગલે પોતાની એક પેટા કંપની શરૂ કરી જેનું નામ છે: ' Calico'. તેનું મુખ્ય ધ્યેય છે. TO Solve death મૃત્યુને ટાળવું! ગૂગલના વૈજ્ઞાનિક 'બિલ મારી સે' 2015માં એવું નિવેદન આપ્યું હતું કે, જો મને કોઇ પૂછે કે 500 વર્ષ સુધી જીવી શકાય? તો મારો જવાબ છે: 'હા'. મૃત્યુને માત કરતાં અનેક પ્રોજેક્ટસમાં ગૂગલ પોતાના બે બિલિયન ડોલરના 36 ટકા રોકાણ કરી રહી છે. હવે એ તો માનવું પડે કે જ્યારે આટલી મોટી કંપની પોતાના અબજો રૂપિયા 'મૃત્યુને ટાળવા'ના પ્રોજેક્ટમાં રોકતી હોય તો વાતમાં કંઇક દમ છે!

'કુઝર્વેઇલ' અને 'ડે ગ્રે' નામના વૈજ્ઞાનિકોએ હમણાં જ નિવેદન આપ્યું છે કે, જો માણસ પાસે તંદુરસ્ત શરીર અને ભારી ખીસ્સું હશે તો 2050 સુધીમાં મૃત્યુને હાથતાળી આપીને છટકી જઈશું!'

ખેર! ડૉ. હરારી મનુષ્યજીવન 150 કે 200 વર્ષનું થાય ત્યારે જ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પ્રશ્નો સામે આવશે તેની સામે પણ આપણું ધ્યાન દોરે છે. તે સાથે જ કોરોના વાયરસની મહામારી સામેની લડાઈમાં સર્વેલન્સ ટૂલ્સ અને બાયોમેટ્રિક સર્વેલન્સ કેવી રીતે સહાયરૂપ થઈ શકે એ તરફ પણ અંગુલિનિર્દેશ કરે છે. આ લખનાર જેમાં બાયોલોજિક એન્જિનિયરીંગ સાયબોર્ગ એન્જિનિયરીંગ અને સજીવન હોય એવાં પ્રાણીઓના સર્જન દ્વારા Non-Organic beings આપણે સંમત થઈ જઈએ એ રીતે અદ્ભુત રજૂઆત કરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## આંખ અને પાંખ

વિશ્વનાં પ્રાણીઓની કાયામાં તેનાં બે અંગો અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે અને તે છે આંખ અને પાંખ. જો કે માનવને પાંખ નથી, છતાં બુદ્ધિશક્તિથી તેણે ઉડ્ડયન સાધનો વિજ્ઞાન-ટેકનોલોજી દ્વારા વિકસાવ્યાં છે. જૈનાચાર્ય શ્રી પદ્મદર્શન સૂરિજીએ આ બે અંગોનું અલગ રીતે અર્થઘટન કર્યું છે. તેમણે દર્શાવ્યું છે કે શિક્ષણ પાંખ છે અને સંસ્કાર આંખ છે. જૈનાચાર્ય દ્વારા એ સચોટ જીવનદર્શન છે. પંખીઓના ઉદાહરણ સાથે તેમણે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી પંખીની આંખો ઊઘડતી નથી ત્યાં સુધી એની પાંખ ગમે તેવી બળવાન હોય તો પણ પંખી ઊડી શકતું નથી. જીવનનાં તમામ ક્ષેત્રે સફળ થવા માટે શિક્ષણની સાથે સંસ્કારોની આવશ્યકતા છે. માનવના શરીરમાં સૃષ્ટિસર્જકે વરદાનરૂપ બુદ્ધિશક્તિ પણ પ્રદાન કરી છે, જે તેને અંતરિક્ષમાં અવનવી સિદ્ધિઓ અને સંશોધનોમાં કામે લગાડી છે. માત્ર અંતરિક્ષ ઉડ્ડયન જ નહીં પણ બ્રહ્માંડના અનેક ગ્રહો, રહસ્યો પર માનવનજર મંડાઈ છે. વિજ્ઞાનનું ઉચ્ચ શિક્ષણ અને માનવમૂલ્યો માટેના સંસ્કાર એકવીસમી સદીમાં રંગ લાવી રહ્યા છે. જો કે પ્રજ્ઞાચક્ષુઓ પણ જીવનમાં આગવી રીતે આગળ વધી રહ્યાં છે, બ્રેઈલ લિપિ વિકસી છે અને બુદ્ધિકૌશલ પણ પ્રગટ થતું રહ્યું છે. અંધજન શાળાઓ પણ સુંદર રીતે કાર્યરત છે. આંખના ડોક્ટરો લોકોની ઉપકારક સેવા બજાવે છે. મૃત કે બ્રેઈનડેડ વ્યક્તિનું ચક્ષુદાન ઉપયોગી નીવડે છે. પૃથ્વી પરના ગુરુત્વાકર્ષણ પર વિજયી થઈ માનવ ઉડ્ડયનની સિધ્ધિઓ દર્શાવે છે એ રીતે આંખ અને પાંખના વિષયમાં વિશ્વમાં પ્રગતિ થઈ રહી છે. અણુ-પરમાણુની વિનાશશક્તિ ટળે તો માનવનો થાય વિશ્વવિજય.

**સુરત - યૂસુફ એમ.ગુજરાતી**

## રખડતાં કૂતરાની ગણતરી

રખડતાં કૂતરાની ગણતરી શા માટે? અને ગણતરીનો થોડો સમય પસાર થતાં એમાં ફેરફારની શક્યતા નકારી શકાતી નથી. વધુમાં આ કામગીરી શિક્ષકોએ કરવાની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે પ્રશ્ન એ થાય કે શિક્ષકની પરિભાષા શું?! એમની વાસ્તવિક કામગીરી શું?! શિક્ષક સમાજનો પાયો છે અને એમને આવી અનેક કામગીરી મતદાર ગણતરી, વસતીગણતરી, ચૂંટણી લક્ષી કામગીરી, ત્યારે શિક્ષકે વિદ્યાર્થીને ભણાવવાનો સમય કેટલો? આથી શિક્ષણનો પાયો હલબલી રહ્યો છે તેમાં મળતા સમાચાર મુજબ 3000 શાળાઓ ફક્ત એક-એક શિક્ષકથી ચાલે છે!! કૂતરાની ગણતરી કેટલી તકલીફવાળી છે અને એની ગણતરી કેમ કરવી? સામાન્ય રીતે રખડતાં કૂતરાં એક જગ્યાએથી બીજી જગ્યાએ રખડે છે, કેટલાંક ખેતરોમાં, કેટલાંક અવાવરુ જગ્યાએ રખડતાં હોય, તો ગણતરી યોગ્ય થઈ શકે ખરી?! કૂતરાની એક ખાસિયત છે તે અજાણ્યા વ્યક્તિને જોઈ ભસે અને હુમલો કરે છે ત્યારે બચવું મુશ્કેલ બને છે. કૂતરા કરડવાના કિસ્સા હાલમાં વારંવાર બની રહ્યા છે ત્યારે આવા સંજોગોમાં આ કામગીરી અત્યંત જોખમી છે. S.I.R.ની કામગીરીમાં ભારતને કારણે હૃદય રોગના હુમલામાં શિક્ષકોએ જીવ ગુમાવ્યા છે. રખડતાં કૂતરાની ગણતરી શા માટે? એ પણ સમજાતું નથી.

**અમરોલી - શકુંતલા ટેલર**

## પ્રદૂષણ કેટલું ઘાતક

અવાજ અને ઘોંઘાટ એ હવા દ્વારા વાતાવરણમાં ફેલાય છે અને પ્રસરે છે. વધારે પડતા અવાજથી નાનાં બાળકોની તેમજ વૃધ્ધ મનુષ્યની સાંભળવાની શક્તિ કાયમને માટે નાશ પામવાનો ભય રહેલો છે. આપણી નર્વસ સીસ્ટમને ઘાતક નુકસાન થાય છે. આજના જમાનામાં માનવજાતિ સમક્ષ અનેક ગંભીર પડકારોની જેમ અવાજનું પ્રદૂષણ પણ એક મોટો પડકાર જ છે.

ઠેર ઠેર ચાલતાં મીલો અને કારખાનાં ઊભાં થયાં એમાંથી નીકળતા ધુમાડા પણ હવામાં પ્રદૂષણમાં વધારો કરે છે. રેલગાડી અને એ ઉપરાંત બીજાં અનેક વાહનો ઝડપથી દોડવા માંડ્યાં અને આ રીતે માનવજાત સામે પ્રદૂષણનો જીવલેણ ભય પણ ઊભો થયો. ડીઝલ અને પેટ્રોલથી ચાલતાં વાહનોમાંથી નીકળતો ધુમાડો પણ હવામાં કાર્બન ડાયોક્સાઈડની માત્રા વધારે છે. રોડ રસ્તા બનાવવા માટે વૃક્ષોનો બેફામ વિનાશ પણ વાયુ પ્રદૂષણમાં વધારો કરે છે. આવાં બધાં પ્રદૂષણની સીધી અસર શ્રવણશક્તિ પર પડે છે. આ ઉપરાંત હૃદયરોગ, ચિંતા, માનસિક તાણ અને ઊંઘમાં ખલેલનો પણ સમાવેશ થાય છે. માથાનો દુખાવો, અનિદ્રા તેમજ પાચનશક્તિના અભાવ માટે પણ અવાજનું પ્રદૂષણ કારણભૂત છે.

**અડાજણ, સુરત- શીલા સુભાષ ભટ્ટ**

## અનોખી પહેલ

તાજેતરમાં સુરત શહેર જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા સુરત શહેરની ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, ગુજ બોર્ડ અને અન્ય બોર્ડની શાળાઓ જેમનું માર્ચ ૨૫નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું એવી શાળાઓનાં ૩૪૪ જેટલાં આચાર્યોને બિરદાવવા અને સન્માન કરવાના નેત્રદીપક કાર્યક્રમમાં કલેકટર, ગ્રામ્ય પોલીસ વડા અને વિવિધ સંઘનાં હોદ્દેદારો, સંચાલકોની ગરિમામય હાજરીમાં સંપન્ન થયો. સમગ્ર કાર્યક્રમનું મેક્રો પ્લાનિંગ શ્રી ભગીરથસિહ જી. પરમારના કાળજીભર્યા આયોજનથી નોખું - અનોખું બની રહ્યું. કચેરીના તમામ અધિકારીઓ ખભેખભા મિલાવીને પરિણામલક્ષી સફળતાના યશભાગી બની રહ્યાં. સમગ્ર ગુજરાતમાં ૧૦૦ ટકા પરિણામ અને સૌથી વધુ એ ૧,A- ૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં અવ્વલ આવનારને બિરદાવીને પ્રોત્સાહન આપનાર કાર્યક્રમ અવ્વલ દરજ્જાનો બની રહ્યો. આવા કાર્યક્રમો થકી શિક્ષકો, આચાર્યોને ચોક્કસ જ પ્રેરણાત્મક બળ મળ્યું હશે અને તેઓ વધુ સક્રિયતા અને સમર્પિતતાથી પોતાની ફરજ બજાવશે અને અન્યોને પ્રેરણા પિયુષ પૂરું પાડશે જ. સુરતને આવા બાહોશ અને દીર્ઘદૃષ્ટિવાળા અને મદદ માટે સદાય તત્પર એવા જિલ્લા શિક્ષણાધિકારી મળ્યા એ સુરત શહેર માટે, શાળાઓ માટે, આચાર્યો માટે, શિક્ષકો માટે સુભગ સંયોગની વાત છે. આવનારાં વર્ષોમાં સુરત શિક્ષણનું હબ બની રહેવાનું છે અથવા કહી શકાય કે બની રહ્યું છે ત્યારે ભગીરથસિંહજી પરમાર જેવા શિક્ષણાધિકારીનો સિંહફાળો હશે એવું ચોક્કસપણે કહી શકાય. ફરી એક વાર ખૂબ ખૂબ અભિનંદન.

**અડાજણ, સુરત- મયંક સુમંતરાય ત્રિવેદી**

## વાણીમાં મર્યાદા જાળવો!

કહેવાય છે કે જેવું વાવો તેવું લણો, પણ વાણી એક આભુષણ સમાન છે. દરેક વ્યક્તિ જેમ પોતાના પૈસાનો વ્યવહાર સમજી-વિચારીને કરે છે. તેવી જ રીતે જો દરેક વ્યક્તિ પોતાની વાણીમાં મર્યાદા રાખે, અબશબ્દોને અવગણે તો આ સમાજ ખુશનુમા બની જાય. આમ તો સુરત કે સુરતની આસપાસના ગામોમાં અબશબ્દો બોલવા તે સાવ સામાન્ય વાત છે. પણ એ હવે વિચારવું જોઈએ કે વાણીમાં મર્યાદા લાવવી જરૂરી છે. આપણા સમાજમાં રહેતા ઘણા સારા અને સભ્ય પરિવારોને તકલિફ પડતી હોય છે અને ખાસ તો વાણીમાં મર્યાદા આવનારી પેઢી માટે ખૂબ જ જરૂરી છે તે સમજવું રહ્યું!

**સુરત - પ્રજાપતિ દક્ષ**

## પરીક્ષા

હવે વાતાવરણ સાવ બદલાઈ ગયું. જેમણે ફરી-ચરી જ ખાધું છે સમગ્ર વર્ષ દરમિયાન તેમના હૃદયના ધબકારા વધી જાય. ગાઈડ LBH, IMP, LBH ચોરી કરવાના નુસ્ખામાં જ સમય બગડે. અલબત્ત આ અવસ્થા સૌરવિહારી પરંતુ ભવિષ્ય માટે એક ચિત્તે વાયદા, મહેનત જરૂરી. જ્યારે દ્વિભાષી રાજ્ય મહારાષ્ટ્ર અને ગુજરાત ભેગા હતા. પુના મેઈન પરીક્ષા સેંટર છતાં પેપર આટલા મોટા વિસ્તારમાં ફરતા નહિ. ગુ.મિ.માં સમાચાર વાંચ્યા કે જે સેંટર પર આ પેપર ફૂટવાનો કિસ્સો પડકારો તેના જવાબદાર વ્યક્તિને જેલ થશે. સાચી વાત છે. જેમણે હજી તો આખું વર્ષ બાકી છે. લેસન થશે એવી વિચારસરણી અપનાવીને અકળાયા. નિયમિત વિદ્યાર્થી દરિયો તરી જશે. પછીની જિંદગી તમારા હાથમાં જ છે. તમામ પરીક્ષાર્થીઓને શુભેચ્છા.

**સુરત - કુમુદભાઈ બક્ષી**